પેન્શન ચુકવણાં તેમજ તેમના રેકર્ડ નિભાવણીમાં તકેદારી રાખવા બાબત.

**હિસાબ અને તિજોરી નિયામકની કચેરી**

ગુજરાત રાજ્ય, 'વીમા અને લેખા ભવન',
બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.
**ક્રમાંક :- હિતિનિ/ટીસી/ફા.૧૩૪/૮૬૨૩,**
તારીખ : ૦૬-૦૯-૨૦૦૭.

**પરિપત્ર ક્રમાંકઃ- ૨૫ / ૨૦૦૭**

રાજ્ય સરકારશ્રીની વિવિધ પેન્શન યોજનાના અમલીકરણ અંગે અને પેન્શનના IRLA, PSB, અને મનીઓર્ડર મારફતે ચૂકવણાં કરતી સમયે રાખવાની તકેદારીઓ અંગે અત્રેથી વખતોવખત સૂચનાઓ આપવામાં આવેલ છે. આમ છતાં, ઈન્સ્પેકશન તેમજ સી.એ.જી.ઓડીટ અહેવાલથી જાણમાં આવેલ છે કે, તિજોરી નિયમો તેમજ અત્રેની કચેરીના પરિપત્રોની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવતું નથી. પરિણામે પેન્શનના વધુ ચૂકવણાં થવા પામેલ છે. જરૂરી રેકર્ડ યોગ્ય રીતે નિભાવવામાં બેદરકારી રાખવામાં આવતી હોવાને કારણે સી.એ.જી. ઓડીટ અહેવાલ (મૂલ્કી) ૨૦૦૪-૦૫ માં નીચેની બાબત નિર્દિષ્ઠ કરાયેલ છે.

- અમુક કિસ્સાઓમાં મૃત્યુના પ્રમાણપત્રો સંલગ્ન ફાઈલોમાં સામેલ નથી.
- અમુક કિસ્સાઓમાં પી.પી.ઓ.માં પેન્શન પેમેન્ટની નોંધ નથી.
- ઘણાં કિસ્સાઓમાં હયાતિ, પુનઃ નિમણૂંક અને પુનઃલગ્ન ન કરવા બાબતના પ્રમાણપત્રો સંલગ્ન ફાઈલોમાં સામેલ નથી.
- ઘણાં કિસ્સાઓમાં પી.પી.ઓ. ને બદલે પી.પી.ઓ.ની ઝેરોક્ષ ઉપર પેન્શનનું ચૂકવણું થતું ધ્યાને આવેલ છે.
- અમુક કિસ્સાઓમાં પેન્શનરોને વધુ ચૂકવણાં થવા પામેલ છે.

અત્રેના પરિપત્રોથી અપાયેલ સૂચનોનું પાલન ન કરવાને કારણે, જરૂરી ચોકસાઈ ન રાખવાને કારણે અને ખાસ કરીને રેકર્ડ નિભાવણીની બેદરકારી તેમજ રેકર્ડની જરૂરી ચકાસણી ન કરાવાને

..ણે ગંભીર અનિયમિતતાઓ બને છે. સદર અનિયમિતતાઓ અંગે સી.એ.જી. ઓડીટ રીપોર્ટમાં પણ ..ન દોરાયેલ છે.

તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીને ઉપરોક્ત અનિયમિતતાઓનું પુનરાવર્તન ન થાય તેની ..દારી રાખવા તેમજ અત્રેના પરિપત્રોની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા આજ્ઞાનુસાર ..ાવવામાં આવે છે.

નાયબ નિયામક
(તિજોરી નિયંત્રણ)

..,

..) શ્રેયાન/ જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
જિલ્લા તિજોરી કચેરી,
.....................

..) તિજોરી અધિકારીશ્રી, (પેન્શન)
પેન્શન ચુકવણા કચેરી, અમદાવાદ

..લ સવિનય રવાના:—

ઉપસચિવશ્રી, (પેન્શન) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારું.

..લ રવાના :—

નિધિનિરીક્ષણ અધિકારીશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર તરફ જાણ સારું તથા સદર બાબતની ઈન્સ્પેકશન સમયે ચકાસણી કરવા સારૂ.